# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-01-2025** **MIDDAY : 1.20 to 1.30**

**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*****************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સમારોહમાં ભાગ લેશે

**2)** ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આકાશવાણીની કુંભવાણી ચેનલનો પ્રારંભ કરાવ્યો

**3)** કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, મધ્યમ વર્ગ અને ઓછી આવક ધરાવતા જૂથો માટે ટૂંક સમયમાં નવી વંદે ભારત ટ્રેન સેવા શરૂ કરવામાં આવશે

**4)** જમ્મુ કાશ્મીર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં શીતલહેર યથાવતઃ વિમાન અને રેલ વ્યવહાર ખોરવાયો

**5)** અમેરિકામાં લોસ એન્જલસમાં લાગેલી આગમાં 10 લોકોનાં મોતઃ પોણા બે લાખ લોકોને સ્થળાતંર કરવાનો આદેશ

**6)** ગુજરાતમાં રમાઈ રહેલી ભારત અને આયર્લેન્ડ વચ્ચેની પ્રથમ વન-ડે મેચમાં કેપ્ટનની અડધી સદીની સહાયથી પ્રવાસી ટીમની સારી શરૂઆત

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PREZ- PRAVASI BHARATIYA SAMMAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે ભુવનેશ્વરમાં ૧૮મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સમારોહમાં હાજરી આપશે. તેઓ સંમેલનમાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા બિન-નિવાસી ભારતીયોને સંબોધન કરશે. સુશ્રી મુર્મુ વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા માટે પ્રવાસી ભારતીયોને 'પ્રવાસી ભારતીય સન્માન' પણ એનાયત કરશે. આ પુરસ્કાર બિન-નિવાસી ભારતીય અને ભારતીય મૂળના વ્યક્તિ દ્વારા સ્થાપિત અને સંચાલિત સંસ્થાને ભારતમાં અથવા વિદેશમાં અસાધારણ સામાજિક તથા માનવતાવાદી કાર્ય અને તેમના દેશમાં ભારતની પ્રતિભા વધારવા માટે કરેલા નોંધપાત્ર યોગદાન બદલ આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

બુધવારથી શરૂ થયેલા ૩-દિવસીય સંમેલનનો આજે અંતિમ દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આ સંમેલનનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . . . . .

રીપીટ

# PM-JAYACHANDRAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત પાર્શ્વગાયક પી જયચંદ્રનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મેડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, વિવિધ ભાષામાં જયચંદ્રનના ગીતો આવનારી પેઢીઓ માટે હ્રદયસ્પર્શી રહેશે. શ્રી મોદીએ ઉમેર્યું કે, જયચંદ્રનના અવાજમાં વ્યાપક લાગણીઓનો પડઘો પડે છે.

. . . . . . . . . . . . . . . .

પુલ-હર્ષ- ભાવિક

# UP-KUMBHVANI

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે મહાકુંભ 2025 ને સમર્પિત આકાશવાણીની 'કુંભવાણી' ચેનલનો પ્રારંભ કરાવ્યો છે. આ પ્રસંગે શ્રી આદિત્યનાથે કહ્યું કે, મહાકુંભ, સાંપ્રદાયિક એકતાનો સંદેશ આપે છે. માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગન કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન કુંભ મંગલ ધૂનનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

## (બાઈટ - મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ)

આકાશવાણીની કુંભવાણી ચેનલ આવતીકાલથી 26 ફેબ્રુઆરી સુધી સવારે 5.55 થી રાત્રે 10 વગીને ૫ મિનિટ સુધી મહાકુંભના વિવિધ કાર્યક્રમોનું પ્રસારણ કરશે. કુંભવાણી ચેનલ દ્વારા અમૃત સ્નાનનો આંખો દેખ્યો હાલ પણ પ્રસારિત કરવામાં આવશે. આ સમારોહમાં પ્રસાર ભારતીના અધ્યક્ષ ડૉ. નવનીત કુમાર સેહગલ સહિત દૂરદર્શનના મહાનિર્દેશક કંચન પ્રસાદ અને આકાશવાણી અને દૂરદર્શનના વરિષ્ઠ અધિકારીઓ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામને 103.5 MHz ફ્રીક્વન્સી, NewsonAir એપ અને Waves OTT પર સાંભળી શકાશે.

. . . . . . . . . . . . . . .

પુલ-હર્ષ- ભાવિક

# ASHWNI VAISHNAW-ICF

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ચેન્નાઈની ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF) ની મુલાકાત લીધી અને ભારતની રેલ્વેની માળખાગત સુવિધાઓમાં પ્રગતિની સમીક્ષા કરી છે. તેમણે મુસાફરોના આરામ અને સલામતી માટે 12 નોંધપાત્ર સુધારાઓ સાથે અમૃત ભારત ટ્રેન કોચમાં અદ્યતન સુવિધા સહિત પરિવર્તનશીલ વિકાસ પર પ્રકાશ પાડ્યો હતો. બે વર્ષમાં ઓછી આવક ધરાવતા જૂથો માટે 50 નવી સસ્તી ટ્રેનો શરૂ કરવાની યોજના પણ જાહેર કરવામાં આવી છે.

(બાઈટ - ASHWNI VAISHNAW)

તેમણે વંદે ભારત ટ્રેનોમાં અદ્યતન સુવિધાઓનું પણ અનાવરણ કર્યું. તેમણે કનેક્ટિવિટી સુધારવા માટે આંતરરાષ્ટ્રીય કુશળતા સાથે ડિઝાઇન કરાયેલ મોડિફાઇડ પંબન બ્રિજ પૂર્ણ થવાની પુષ્ટિ કરી છે. વધુમાં, જમ્મુથી શ્રીનગર વંદે ભારત સેવા 97 ટનલ અને લાંબા પુલ સાથેના તેના પડકારજનક રૂટને કારણે સખત પરીક્ષણ હેઠળ છે.

. . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ – ભાવિક

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**ગોન્ગ મ્યુઝિક**

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# INTENSE COLD WAVE J&K

જમ્મુ અને કાશ્મીરમાં શીત લહેર સાથે ઠડીનું મોજું ફરી વળ્યું છે. શ્રીનગરમાં (-૪.3) ડિગ્રી જ્યારે પહેલગામમાં (-૧૦) ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગે કહ્યું છે કે રાત્રિના સમયે આકાશ સ્વચ્છ હોવાને લીધે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે જેના કારણે શીત લહેરની સ્થિતિ યથાવત રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે આજે સમગ્ર પ્રદેશમાં સૂકું વાતાવરણ રહેવાની શક્યતા છે તથા આવતીકાલે વાદળછાયા વાતાવરણ સાથે હળવો વરસાદ અને બરફ પડવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે કાશ્મીરમાં 'ચિલ્લાઈ કલાન' તરીકે ઓળખાતા અતિશય ઠંડા શિયાળાની શરૂઆત ગત ૨૧ ડીસેમ્બરથી થઈ છે અને 30 જાન્યુઆરી સુધી પ્રવર્તમાન રહેવાની સંભાવના રહેશે.

. . . . . . . . . . . . . . . .

IANS -હર્ષ- ભાવિક

# DELHI AIR TRAIN TRAFFIC

આજે દિલ્હી અને આસપાસના વિસ્તારમાં ગાઢ ધુમ્મસને કારણે દ્રશ્યતા શૂન્ય થઈ જતાં વિમાન અને રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. પ્રયાગરાજ એક્સપ્રેસ, સંપૂર્ણ ક્રાંતિ એક્સપ્રેસ અને શ્રમશક્તિ એક્સપ્રેસ સહિત દિલ્હી જતી લગભગ 26 ટ્રેનો અને 150થી વધુ ફ્લાઇટ્સ મોડી પડી છે. આ ઉપરાંત 26 જેટલી ટ્રેનોમાં પણ વિલંબ થયો હતો. હવામાન વિભાગે શીત લહેર અને ગાઢ ધુમ્મસને કારણે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં રાત્રે અને વહેલી સવારના સમયે ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આગામી બે દિવસ સુધી બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ, ઓડિશા અને ઉત્તર પૂર્વીય રાજ્યોમાં પણ સમાન સ્થિતિ રહેવાની સંભાવના છે

હવામાન વિભાગે આજે જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશમાં શીત લહેરની સ્થિતિ યથાવત રહેવાની આગહી કરી છે.

. . . . . . . . . . . . . . . .

IANS Anil - ભાવિક

# US- WILDFIRE

અમેરિકામાં, લોસ એન્જલસના કેટલાક ભાગોમાં ફેલાયેલી જંગલની ભીષણ આગમાં અંદાજિત 10 લોકોના મોત થયા છે. આગ વધુ ફેલાતા લોસ એન્જલસ કાઉન્ટીના લગભગ 1 લાખ 80 હજાર રહેવાસીઓને સ્થળાંતર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઘરો અને શાળાઓ સહિત 5,300થી વધુ ઇમારતો નાશ પામ્યા હોવાની આશંકા છે.

અમેરિકની મનોરંજન રાજધાની તરીકે ઓળખાતા હોલીવુડ હિલ્સ સહિત ગીચ વિસ્તારવાળા શહેરી વિસ્તારમાં આ ભીષણ આગ લાગી છે. 17,000 એકરથી વધુ જમીનમાં લાગેલી આગને બુઝાવવા માટે અગ્નિશમાંન દળો યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છે.

કેલિફોર્નિયામાં લાગેલી વિનાશક જંગલની આગ બાદ, અમેરિકાના પ્રમુખ જો બાઈડેને જાહેરાત કરી છે કે તેમની સરકાર છ મહિના સુધી દક્ષિણ કેલિફોર્નિયામાં જીવન અને સંપત્તિના રક્ષણ માટેના પગલાંનો ખર્ચ ઉઠાવશે. આ દરમિયાન, કટોકટીના સંચાલનમાં મદદ કરવા માટે કેલિફોર્નિયાના નેશનલ ગાર્ડને તૈનાત કરવામાં આવ્યા છે. પેરિસ હિલ્ટન, બિલી ક્રિસ્ટલ, જેમ્સ વુડ્સ, એડમ બ્રોડી, સર એન્થોની હોપકિન્સ, જોન ગુડમેન, અન્ના ફારિસ અને કેરી એલ્વેસ સહિતની હસ્તીઓએ પોતાના ઘર ગુમાવ્યા હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . . . . .

પુલ-હર્ષ – ભાવિક

# WOMEN CRICKET-FIRST ODI

મહિલા ક્રિકેટમાં ગુજરાતના રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી ભારત અને આયર્લેન્ડ વચ્ચેની ત્રણ વન-ડે આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં છેલ્લા મળતા અહેવાલો પ્રમાણે કેપ્ટન ગેબી લુઇસની અડધી સદી સાથે આયર્લેન્ડે ૩૦ ઓવરમાં ૪ વિકેટે ૧૩૩ રન બનાવ્યા છે. અગાઉ આયર્લેન્ડે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

સ્મૃતિ મંધાના ભારતીય ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે દીપ્તિ શર્માને વાઇસ-કેપ્ટન માટે નામાંકિત કરાયા છે. હરમનપ્રીત કૌર અને રેણુકા સિંહ ઠાકુર આ મેચોમાં ભારતનું નેતૃત્વ નહીં કરે. શ્રેણીની બીજી મેચ રવિવારે રમાશે જ્યારે ત્રીજી મેચ આ મહિનાની 15 તારીખે યોજાશે.

2006 પછી આયર્લેન્ડ સામે ભારતની આ પ્રથમ દ્વિપક્ષીય મહિલા વન-ડે શ્રેણી છે. બંને ટીમો છેલ્લે 2023 માં T20 વર્લ્ડ કપમાં એકબીજા સામે આવી હતી અને ભારતીય મહિલા ટીમે તે સ્પર્ધા પાંચ રનના માર્જિનથી જીતી હતી.

. . . . . . . . . . . . . . . .

પુલ- હર્ષ - ભાવિક